આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-22-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## સી.એમ. – સોમનાથ ચિંતન શિબિર

સોમનાથમાં રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરનો ગઈકાલે પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચિંતન શિબિરનો આરંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી સહિત સરકારના તમામ મંત્રીઓ, સચિવો સહિત 197 શિબિરાર્થી આ ચિંતન શિબિરમાં સહભાગી બન્યા છે.

રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સેચ્યુરેશન એપ્રોચ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્ત્વપૂર્ણ વિષયો પર જૂથ ચર્ચા અને સામૂહિક મંથન - ચિંતન થશે.

શિબિરના પ્રથમ દિવસે યોગ-પરમ આનંદ અને સુશાસનનો રાજમાર્ગ વિષય પર મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## નર્મદા પાણી ફાળવણી

રાજ્ય સરકારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને રવિ પાકના વાવેતર માટે પૂરક સિંચાઈ અને પીવાના પાણી માટે નર્મદાનું કુલ ૩૦ હજાર ૫૦૪ એમ.સી.એફ.ટી. પાણી ફાળવવાનો નિર્ણય કર્યો છે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૬ હજાર ૬૩૭ એમ.સી.એફ.ટી. તથા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩ હજાર ૮૬૭ એમ.સી.એફ.ટી. મળી કુલ ૩૦ હજાર ૫૦૪ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા માટે  ફાળવાશે.

નર્મદાના આ પાણીની ફાળવણીથી ઉત્તર ગુજરાત વિસ્તારના ૯૫૨ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર તથા સૌની યોજનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧  હજાર ૮૨૦ ચેકડેમ થકી અંદાજે ૬૦ હજાર એકર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ  મળશે.

**RNU અમદાવાદ**

---

## નગરપાલિકા – ચૂંટણી અધિકારી

રાજ્ય ચૂંટણીપંચે નગરપાલિકાની આગામી સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરી છે. નાયબ કલેક્ટર, પ્રાંત અધિકારી અને જીલ્લા સ્તરના અધિકારીઓ સહિતના 94 જેટલા અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## શિક્ષણમંત્રી - સ્વેટર

ખાનગી શાળાના સંચાલકો શાળામાં બાળકોને શિયાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા પર દબાણ કરી શકશે નહિ, તેમ રાજ્ય શિક્ષણમંત્રી પ્રકુલ્લ પાનશેરીયાએ જાહેરાત કરી છે.

રાજ્ય શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ. જો કોઈ શાળાના સંચાલક નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે.

ખાનગી શાળાના સંચાલકોને  સૂચના આપવામાં આવી છે કે માતા પિતા પોતાના બાળકને, ઠંડીથી સુરક્ષિત રાખવા તેમની પાસે ઉપલબ્ધ કોઇ પણ સ્વેટર, ટોપી અને હાથના મોજાં પહેરાવી શકશે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

## કચ્છ – બાગાયત સહાય

આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા નવીન યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. કચ્છ જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતોને આ નવીન યોજનાઓમાં શાકભાજી, ફ્રુટ અને ડ્રેગ્ન ફ્રૂટ માટે સહાય, દરિયાઇ માર્ગે ફળ, શાકભાજી અને ફૂલ તથા છોડના નિકાસ માટે વાહ્તુક ખર્ચ સહાય, હવાઈ માર્ગે બાગાયત પેદાશની નિકાસ માટે નુરમાં સહાય અને નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયા માટે સહાયનો સમાવેશ થાય છે.

આ તમામ ઘટકોમાં સહાય મેળવવા ૨૦મી ડિસેમ્બર 2024 સુધી આઈ-ખેડૂત પોર્ટલને ઓનલાઇન અરજી કરવા નાયબ બાગાયત નિયામકની કચેરીની યાદીમાં જણાવાયું છે.

**મા.ખા.**

---

## અંજાર – કોલેજ મંજૂરી

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ-2024-25ના અંદાજ પત્રમાં 8 નવી કોલેજોને મંજુરી અપાઇ છે. જેમાં અંજાર માટે વિનિયન અને વાણિજ્ય પ્રવાહની કોલેજને મંજૂરી મળતાં લોકોની વર્ષો જુની માંગ સંતોષાઈ છે.

ઠરાવ અંતર્ગત બિન આદિજાતિ વિસ્તારમાં 4 અને આદિજાતિ વિસ્તારમાં 4 નવી કોલેજોને મંજુરી અપાઇ છે. જેમાં અંજારમાં વિનિયન અને વાણિજ્ય પ્રવાહ કોલેજને મંજુરી અપાઇ છે સાથે આચાર્ય, 4 આસિ.પ્રોફેસર, 1-1 ગ્રંથપાલ, જુનિયર ક્લાર્ક અને આઉટ સોર્સ સહિતની મંજૂરી આપવામાં આવી છે.

**N.P**

---

## સાબરમતી રિપોર્ટ – કરમુકત જાહેર

રાજ્ય સરકારે તાજેતરમાં રજુ થયેલી હિન્દી ફિલ્મ "ધ સાબરમતી રિપોર્ટ"ને કરમુક્ત જાહેર કરી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના નેતાઓએ પીઢ અભિનેતા જિતેન્દ્ર કપૂર અને અભિનેત્રી રિદ્ધિ ડોગરા સાથે અમદાવાદના સિનેમાગૃહમાં આ ફિલ્મ નિહાળીને પ્રશંસા કરી હતી.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી બોર્ડર ગાવસ્કર ક્રિકેટ ટ્રોફીની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ પર્થ ખાતે શરૂ થાય છે. પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતનું સુકાની પદ જસ્પ્રીત બૂમરાહ સંભાળશે. બંને દેશો વચ્ચે અત્યાર સુધી 107 મેચ રમાઇ છે, જેમાં ભારતે 32 મેચમાં જ્યારે ઓસ્ટ્રેલિયાએ 74 મેચમાં જીત મેળવી છે. એક મેચ ટાઇ થઈ હતી. આજની મેચ ભારતીય સમય મુજબ સવારે સાત અને પચાસ મિનિટે શરૂ થશે.

**પદ્ગણીભાઈ**

---